INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> <u>૦૭–૦૪–૨૦૨૫</u>

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધિવેશન અનુલક્ષીને રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મીડીયા અને પબ્લીસિટી ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ શ્રી પવન ખેરાએ જણાવ્યું કે ગુજરાતના તમામ નેતા સતત અધિવેશનની તૈયારીમાં છીએ. ગુજરાતના નૃતત્વને અભિનંદન. કોંગ્રેસનું અધિવેશન પાર્ટીની મિટિંગ નથી,પરિવારની મિટિંગ છે. કોઈ એક નેતા નિર્ણય લઈ લે અને બધા તેનું પાલન કરે તે સંભવ નથી. કોંગ્રેસમાં ક્યારેય આવું નહીં થાય.અંગ્રેજોનું શાસન હતું ત્યારે કોંગ્રેસ પક્ષના નેતાઓએ જનતાને સાથે રાખીને અંધારું દૂર કર્યું. અંધારું દૂર કરવું એ સતત સંઘર્ષ છે. ગુજરાતમાં છેલ્લા 30 વર્ષથી લોકતંત્રનું ગળું દબાવવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ રાજકીય પાર્ટીથી વધુ છે, કોંગ્રેસ સમાજનો અવાજ છે. સમાજના અવાજને દબાવી ન શકાય.

ગુજરાતમાં યોજાવા જઈ રહેલા ઐતિહાસિક અધિવેશન અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધિવેશનથી કોંગ્રેસની વિચારધારાનું પુન: સ્થાપન વધુ મજબૂત થશે. સરદાર પટેલ સાહેબની લીટી ટૂંકી કરનાર લોકોને સંદેશ આપીશું. સરદાર સ્મારકમાં સરદાર પટેલની ઘડિયાળ, ખુરશી, ધોતી, બંડી, કુર્તી છે. મહાનુભાવોના ઓરાનો પ્રતાપ છે જેથી ત્યાં CWC છે. "કરમસદનું નામ મિટાવી દેવાના પ્રયત્ન કરવામાં આવે છે. સ્ટેડિયમ સરદાર પટેલના નામનું હતું જે ભૂસી દેવામાં આવ્યું છે. અધિવેશનની થીમ સરદાર સાહેબ અને પૂજ્ય મહાત્મા ગાંધીજીના વિચારો પર છે. "8 એપ્રિલે સવારે 11:30 વાગ્યે CWC સરદાર પટેલ સ્મારક ખાતે યોજાશે. જેમાં સમગ્ર દેશના પ્રદેશ પ્રમુખ, CWCના સભ્યો, વિધાયક દળના નેતા, CLP નેતા આવશે. સાંજે 5 વાગે પ્રાર્થના સભા મળશે. સાંજે 7 વાગે અધિવેશનના વેન્યુ પર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતની પરંપરાને ઉજાગર કરવામાં આવશે."

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે ગાંધીજીના વિચારોથી ઊલટું શાસન ચાલે છે. ગુજરાતના ડાયમંડ, ટેક્સટાઇલ્સ, સિરામિક સહિતના ઉદ્યોગ મંદીનો ભોગ બન્યા છે. કોંગ્રેસની નાના-મધ્યમ કદના ઉદ્યોગોને મદદ કરવાની વિચારધારાનો અમલ કરાવી શકાય તે અંગે વિચાર કરાશે. નશાબંધીનો કાયદો છે પરંતુ ફક્ત કાગળ પર છે.

ડ્રગ્સના કારણે યુવાધન બરબાદ થઈ રહ્યું છે. વિકસિત ગુજરાતની વાતો કરીએ તો બીજી તરફ 40 ટકા બાળકો કુપોષિત છે. આવનાર દિવસમાં દેશને કુપોષણમાંથી મુક્તિ મળશે. શિક્ષણ,આરોગ્ય સહિતની સુવિધાઓ મળે તે માટે વાત કરવામાં આવશે. અંગ્રેજો અને રાવણ બંને અભિમાની હતા, સત્તા પર બેઠેલા લોકોનું અભિમાન તૂટશે."

ગુજરાતમાં યોજાનાર ઐતિહાસિક અધિવેશનને અનુલક્ષીને ગુજરાત કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ પક્ષના ગુજરાતમાં અગાઉ યોજાયેલ ઐતિહાસિક અધિવેશનોની અલભ્ય તસ્વીર સાથેના કેલેન્ડરને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મીડીયા અને પબ્લીસિટી ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ શ્રી પવન ખેરાએ પ્રકાશિત કર્યું હતું. ઐતિહાસિક કેલેન્ડર તૈયાર કરવા બદલ મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશી અને પ્રવક્તા હિરેન બેંકરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા ડૉ. અમીબેન યાજ્ઞિક, મીડીયા કન્વીનર ડૉ. મનીષ દોશી, કો-કન્વીનર હેમાંગ રાવલ, પ્રવક્તા ડૉ. નીદત બારોટ, ડૉ. અમીત નાયક, કોર્પોરેશનના ઉપનેતાશ્રી નિરવ બક્ષી પત્રકાર પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા